# મોમીન વલીભાઈ રાજેમદ કુગશીયા (દાનવીર) સખીદાતાની જીવનની યાદગાર કહાની

**વફાતફ : તા. ૧૨-૦૫-૧૯૩૮ મુ. ચાંદ ૭ સફર હીસ. ૧૩૫૫ (ઉ.વ.૭૦)**
**જન્મ તારીખ : ૨૪-૧૦-૧૮૬૮, મુ. ચાંદ ૧૬ સફર હીસ. ૧૨૮૫**

કાણોદર ગામના વતની તથા કુગશીયા વાસ, કાણોદર ખાતે આવેલ તેઓની સ્વતંત્ર માલિકી ભોગવટાની મિલ્કત મકાન મેડીવાળું આવેલ. જે તેઓનું નિવાસ સ્થાન હતું. તેઓ કાણોદર ગામના એકમાત્ર સુખી-સંપન્ન તથા દાનવીર. સખીદાતા હતા. તે વખતે ગામ એટલું બધુ ગરીબ અવસ્થામાં હતું કે ચોખાનીખી ચડી તેમના ઘરે જ રંધાતી બાકી ગામ બરછઠ અનાજખાતું. તેમની હયાતી વખતે એક વસીયતનામું તા. ૩૦-૧૨-૧૯૧૭ માં બનાવેલ જેમાં ૭ ટ્રસ્ટીઓની નિમણુંક કરેલી. જેમાં મુખ્ય વહીવટદાર તરીકે તેમના જમાઈ રાજે માંમજી પટેલ કે જે પોતે પણ ઉદાર દીલના હતા અને નીચે દર્શાવેલ ધાર્મિક તેમજ દાન કરવા માટેની વિગતો દર્શાવેલ તે મુજબ તેઓની હયાતીમાં કાણોદર ગામમાં તથા આજુબાજુના ગામોમાં તેઓના દાનની રકમ તથા જમીનની બક્ષીસ થકી નીચે મુજબના કાર્યો કરવામાં આવેલ. જે આજે હયાત ઈમારતો છે અને જેનો લોકો જાહેર રીતે તેનો ઉપયોગ કરે છે.

સદરહું મુમન વલીભાઈ રાજેમદ કુગશીયાનો જન્મ કાણોદર મુકામે થયેલ અને તેઓનો કાણોદર ગામમાં કાપડ-સુતરનો ઘણો મોટો ધંધો ચાલતો હતો અને તેના થકી કાણોદર ગામની આજુબાજુના લગભગ-૨૨ ગામના હિંદુ-મુસ્લીમ તથા હરીજન ભાઈઓ તેઓની પેઢી દ્વારા વણાટ કામ કરતા અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેઓનો વેપાર ધંધો ખૂબ જ વિશાળ પ્રમાણમાં ચાલતો હતો. તેથી તેઓ પોતાની કમાઈમાંથી માનવજાત માટે અનેક જરૂરીયાત મુજબની સુખ-સગવડો તથા તેઓના બાળકોના શિક્ષણ તેમજ શારીરીક બિમારી માટે અનેક ઈમારતો બનાવેલ જે અત્યારે હયાત છે. તેઓને ઔલાદમાં કુદરતે એક જ દીકરી આપેલ. જે મરહુમબાઈ કુવરબાઈ વલી રાજે કુગશીયા હતા. તેઓ પણ પોતાના પિતાની હયાતી તેમજ હયાતી બાદ તેમની પાસેથી સ્થાવર તથા જંગમ મિલ્કતોનો કાણોદર ગામ તથા આજુબાજુના ગામોમાં જરૂરીયાત મુજબના કાર્યો દાન આપીને કરાવેલ હતા. જે નીચે મુજબ છે.

મુમન વલીભાઈ રાજેમદ કુગશીયા જેઓ તા. ૩૦-૧૨-૧૯૧૭ ના પોતાના વસિયતનામામાં કે જે નામદાર નવાબ સાહેબની કચેરીએ નોંધણી ફી ભરી રજીસ્ટ્રેશન કરાવેલ. તે વસીયતનામા. મુજબ અનેક ધાર્મિક, સામાજીક તથા લોકોની જરૂરીયાતો માટે દવાખાના સુલો. પીવાના પાણીના કુવા, વાવડીઓ તથા ગુપ્તદાન દ્વારા તેઓની કમાણીના પૈસા દ્વારા અલ્લાહની રાહમાં ખર્ચ કરેલ છે.

(૧) પ્રથમ તેઓની ખેતીવાડીની જમીન પૈકીની જમીન દાનમાં આપેલ જે જમીન ઉપર પ્રાથમિક શાળા નં.-૧ નામદાર નવાબ સાહેબ દ્વારા તેઓની સખાવત કરેલ જમીન કે જે અગાઉ કુગશીયાવાળા તરીકે ઓળખાય છે. તેમાં પ્રાથમિક સ્કુલ ચાલે છે.

(૨) ત્યારબાદ સ્કુલને અડીને આવેલ ખેતીની જમીન કે જેમાં તેઓ મોટા ભાગીદાર હોઈ આખું ખેતર સરકારી દવાખાના માટે દાન કરેલ. જેની ઉપર દવાખાનું બનાવેલ છે અને તેમની હયાતી વખતે સરકારી દવાખાનામાં તેઓના દાન થકી મફત દવાઓ આપવા માટેની પણ જોગવાઈ કરેલ હતી.

(૩) આજુબાજુના ગામના લોકો કાણોદર સુતર તથા કાપડના ધંધા-રોજગાર માટે આવતા જતા હોવાથી કાણોદરથી ચાંગા તરફ જતા રસ્તા ઉપર એક પાણીનો કુવો તથા આરામ માટે એક ઓરડી બનાવેલ. જે અત્યારે વટેમાર્ગ લોકો આરામ કરવા તથા પાણીનો પીવા માટે ઉપયોગ કરે છે.

(પાન નં. ૧ થી ૨)

(૪) તેઓના દાન સખાવત દ્વારા આપણા ગામના કબ્રસ્તાનમાં મસ્જિદ બનાવવા માટે આપેલ તથા તેની પાસે ગરીબ ફકીર તથા રાહદારીઓ માટે ધર્મશાળા બનાવેલ. જે અત્યારે હયાત છે અને તેનો સદ્‌ઉપયોગ પણ થાય છે. ધર્મશાળા ફાગણભ સુદ-૨ સંવત ૧૯૯૪ ના બંધાયેલ છે.

(૫) તેઓના દાન-દ્વારા ઉમરદશી રેલ્વે સ્ટેશનને જતા મુસાફરો માટે રસ્તામાં એટલે કે હુસૈન ટેકરીવાળા માર્ગે સડકો ન હોવાથી પગપાળા ટ્રેન્ડ ઉપર જતા મુસાફરો માટે પીવાના પાણીની તેમજ વિરામ કરવા માટે એક ઓરડી તથા કુવો બંધાયેલ જે આજે પણ હુસૈન ટેકરી પાસે આવેલ છે.

(૬) તેઓ પોતાના દાન દ્વારા નવા કુવા પાસે એક પક્ષીઓને દાણા નાખવા તેમજ દાણાનો સંગ્રહ કરવા માટે નવા કુવા પાસે એક ચબુતરો બનાવેલ જેની નીચે બે ઓરડીઓ બનાવેલ તે પણ અત્યારે હયાત છે અને તેનો ચબુતરા તરીકે ઉપયોગ થાય છે.

(૭) જુના વખતમાં ગામની રાત્રે ચોકી કરવામાં આવતી. તે વખતે રાત્રે ચોકી કરનાર માણસોને બેસવા માટે અત્યારે જે મેડીકલ એરિયા છે તે એરિયામાં એક ચોકી પણ બનાવેલી. જે અત્યારે હયાત નથી.

સદરહું સખી દાતાને તેઓના વંશમાં ફકત એક દીકરી હોઈ તેઓ પોતાની હક્કની કમાઈ થકી જંગી રકમ તથા જંગી માલ-મિલ્કત કે જે ખેતીની જમીન વિગેરે હતા તે સદરહું રકમો તથા મિલકતો તેઓની હયાતીમાં તથા તેમની હયાતી તરીકે નિમેલા-૭ ટ્રસ્ટીઓ દ્વારા તેમજ તેઓની દીકરી મરહુમ કુંવરબેન વલીભાઈ રાજે કુગશીયા દ્વારા રાહે ખુદામાં જરૂરીયાતમંદ ગરીબ કુટુંબોને તથા જાહેર સંસ્થાઓ જેવી કે સ્કુલ-દવાખાનું, પાણીની વાવ, કુવાઓ, કબુતર ખાના વિગેરે બાંધકામ પોતાની સર્વસ્થ કમાઈની રકમ દાન કરેલ જેનો લાભ આજસુધી કાણોદર ગામના તેમજ આજુબાજુના અનેક ગામો દ્વારા તેનો લાભ લઈ રહ્યા છે.

સદરહું સખીદાતા ઉપરોકત સખાવતના નેકકાર્યો દ્વારા તેઓની તથા તેઓના કુગશીયા કુટુંબના માણસોની કાણોદર ગામમાં તથા પરગણામાં દાનવીર તરીકેની જે સુવાસ મુકેલ છે જેનો આજે પણ લોકો તેઓના કાર્યોને યાદ કરે છે અને અલ્લાહતાલા તેઓના કુટુંબને સવાબે ઝીરીયા તેઓના નેક કાર્યો દ્વારા કયામત સુધી આપશે એવી અમારી દુઆ છે.

સદરહું સખી દાતા તા. ૧૨-૫-૧૯૩૮ વાર. ના રોજ ટુંકી બિમારીમાં આ ફાની દુનિયા છોડી ચાલ્યા ગયા અને તેમની વફાત બાદ પણ આજે તેઓના કાર્યોની લોકો દ્વારા યાદ કરવામાં આવે છે. અલ્લાહતાલા તેઓના કુટુંબીજનોને જન્નતમાં આલા દરજ્જો અતા કરે એવી દુઆ કરીએ છીએ તથા તેઓને કયામત તક સવાબે ઝીરયા થકી બક્ષી આપે. એવી દુઆ સાથે તેઓની ઉપરોકત સખાવત-નેકીઓ તથા મદદગાર તરીકે યાદ કરતા રહીએ. એવી અલ્લાહતાલા દરેક માણસોને તેઓના જીવન-ચરિત્ર્ય દ્વારા ઈબરત મેળવે અને લોકોના સુખ-દુઃખમાં સહભાગી થાય એવી આશા રાખીએ છીએ.

સ્થળ : કાણોદર

તારીખ : ૧૦-૦૨-૨૦૦૯